**–: આંક–૪૮ તથા ૫૧ લગત સંયુકત હુકમ :–**

(૧) આ કામે વાદી તર્ફે આંક–૪૮ થી ડી.એલ.આર. કચેરીના અધિકારીએ વાદીની જમીન કયાં સુધી આવેલ છે તે કબજા મુજબ કે ૭/૧૨ મુજબ બતાવેલ ન હોય ફેર માપણી કરવા અંગે હાલની અરજી આપેલ છે તથા કોર્ટ કમીશ્નર તરીકે નીમાયેલ ડીસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડના અધિકારીને નામદાર કોર્ટના આંક–૨૩ ના હુકમ મુજબ વાદીની જમીન કયાં સુધી આવેલ છે તે કબજા મુજબ કે ૭/૧૨ મુજબ બતાવેલ ન હોય જેથી તે અંગે નામદાર કોર્ટમાં સ્પષ્ટતા કરે તે બાબતે હુકમ કરવા અંગે હાલની અરજી લાવી તેમાં એવી હકીકત જણાવેલ છે કે, અગાઉ નામદાર અદાલતના હુકમના આધારે ડીસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડના જવાબદાર વ્યકિત માપણી કરી આપેલ છે, પરંતુ માપણી સાથે સ્કેચ રજુ કરેલ છે તેમાં પણ ઉપરોકત જે મકાન આવેલ છે તે કોની ખેતીની જમીનમાં એટલે કે કયા સર્વે નંબરની જમીનમાં આવેલ છે તે સ્પષ્ટતા કરેલ નથી. જો મુળ ટીપ્પણના સંદર્ભે જોવામાં આવે તો જો એક જ સર્વે નંબરના ભાગ પડેલ હોય તો એક ભાગ પુર્ણ થયા બાદ બીજો ભાગ ચાલુ થાય અને જો અલગ અલગ સર્વે નંબર હોય તો ટીપ્પણમાં જે રીતે જણાવેલ હોય તે રીતે આજુબાજુમાં ભાગ હોય, આ કામના પ્રતિવાદી વાદીની ખેતીની જમીનને અડીને ધરાવે છે. આ સંજોગોમાં મુખ્ય વસ્તુ એ છે કે, માલજીંજવા ગામની સર્વે નં.૧૧/૧ પૈકી ૩ ની જમીનની માપણી થયેલ છે તેમાં વિવાદ વાળા મકાનનો સમાવેશ થાય છે કે કેમ આ અંગે કોઈ સ્પષ્ટતા કોર્ટ કમીશ્નર તરીકે નીમાયેલા લેન્ડ રેકર્ડના જવાબદાર અધિકારીએ કરેલ નથી. આ સંજોગોમાં મુળ ટીપ્પણની આકૃતિના આધારે જયારે દરેક ખુણાના મુળ માપો જયારે લેન્ડ રેકર્ડના જવાબદાર અધિકારી પાસે અવેલેબલ છે ત્યારે તે પ્રમાણે માપણી થાય તો પાર્ટ–૧, પાર્ટ–૨, પાર્ટ–૩ ની જમીન કયા કયા છે તે સ્પષ્ટ થાય તેમ છે અને તે સંજોગોમાં તે ભાગમાં આ મકાનનો સમાવેશ થાય છે કે કેમ તે પણ સ્પષ્ટ થાય તેમ છે. ડીસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડના જવાબદાર અધિકારી તે સરકારી અધિકારી છે અને માપણી માટે બેસ્ટ ઓથોરીટી છે. આ સંજોગોમાં જો સ્થળ ઉપર કબજા પ્રમાણે માપણી કરવામાં આવે તો પણ મકાન કયા પાર્ટમાં આવેલ છે તે સ્પષ્ટ થાય તેમ છે કારણ કે અગાઉના

ટીપ્પણ મુજબ દરેક સાઈડના માણ નિશ્ચિત છે જ અને વળી ૭/૧૨ માં પણ દરેકના ચોકકસ માપ દર્શાવેલ છે. આ સંજોગોમાં ૭/૧૨ મુજબ જો માપ ન હોય તો વધારાનુ દબાણ પણ સ્પષ્ટ થાય તેમ છે જેથી ઉપરોકત તમામ વિગતે લેન્ડ રેકર્ડના જવાબદાર અધિકારી ઉપરોકત મકાન કયા સર્વે નંબરના કયા ભાગમાં આવેલ છે તેની સ્પષ્ટતા કરે તે માટે હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીઓ દ્વારા વાદીની આંક–૫૧ ની અરજી વિરૂધ્ધ આંક–૫૬ થી વાંધા જવાબ રજુ કરી તેમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના વાદી દ્વારા પ્રથમ આંક–૨૩ થી ડી.આઈ.એલ.આર.શ્રી મારફત માપણી કરાવવા અંગેની અરજી રજુ રાખવામાં આવેલ હતી. સદરહુ અરજીના અનુસંધાને પ્રતિવાદીઓ દ્વારા આંક–૩૩ થી જવાબ રજુ રાખવામાં આવેલ હતા. ત્યારબાદ નામદાર કોર્ટ દ્વારા વાદીની સદરહુ અરજી મંજુર કરવામાં આવતા ડી.આઈ.એલ.આર.શ્રી ગીર સોમનાથના નીમાયેલ કોર્ટ કમીશ્નર અને સર્વેયરશ્રી એસ.આર.ચોટલીયા તા.૩૧/૦૭/૨૦૨૨ ના રોજ સ્થળ પર માપણી કરવા માટે ગયેલ હતા અને તે અંગેનુ રોજકામ તેઓશ્રીએ તેમના આંક–૩૫ ના રીપોર્ટ સાથે નામદાર કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે. સદરહુ રોજકામમાં તેઓશ્રીએ સ્પષ્ટ જણાવેલ છે કે, માપણી સમયે વાદીશ્રી તથા પ્રતિવાદીશ્રી સ્પષ્ટ કબજો બતાવી શકેલ નથી. જે વિગતે પક્ષકારોનો સ્પષ્ટ કબજો સ્થળ પર નકકી થતો નથી. જે વિગતે કબજા મુજબની માપણી થઈ શકે તેવી પરિસ્થિતિ નથી. ત્યારબાદ વાદી દ્વારા આંક–૩૯ થી પોલીસ પ્રોટેકશન સાથે માપણી કરાવવાની અરજી ફરીથી દાખલ કરવામાં આવતા તે અરજી સામેના પ્રતિવાદીઓના વાંધા આંક–૪૨ થી આ કામમાં રજુ રાખવામાં આવેલ. ત્યારબાદ ડી.આઈ.એલ.આર.શ્રી દ્વારા ફરીથી તા.૨૯/૦૯/૨૦૨૩ ના રોજ સ્થળ પર જઈ આંક–૪૬ વાળુ પંચ રોજકામ કરી તેની સાથે માલજીંજવા ગામના રેવન્યુ રેકર્ડ સ.નં.૧૧/૧/પૈકી કબજા મુજબના ક્ષેત્રફળ વાળી હે.૨–૮૮–૨૧ ચો.મી. જમીનની માપણી શીટ રજુ રાખેલ છે. વાદી તથા પ્રતિવાદીના ટીપ્પણ અલગ થયેલ ન હોય તે મુજબ માપણી થઈ શકે તેમ નથી. આ કામના વાદી દ્વારા તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ આંક–૪૮ થી ફેર માપણી કરવા અંગેની અરજી આપેલ અને સદરહુ અરજીમાં

વાદી દ્વારા વાદીની જમીન ૭–૧૨ ના ઉતારા મુજબ કયાં સુધી આવેલ છે તે રીતે સ્થળ પર કબજા મુજબ માપણી કરવામાં આવેલ ન હોવાનુ જણાવી ફેર માપણી સ્થળ પર કરવા અંગેની અરજી રજુ રાખેલ. જેના અનુસંધાને ડી.આઈ.એલ.આર.શ્રી ગીર સોમનાથને આંક–૫૦ થી નોટીસ કરવામાં આવતા તેઓશ્રી દ્વારા તેમનો લેખિત જવાબ નામદાર કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ છે. સદરહુ લેખિત જવાબની વિગતે તેઓશ્રીએ સ્પષ્ટ જણાવેલ છે કે, ''વાદગ્રસ્ત જગ્યાએ મુકામ કરેલ ત્યારબાદ માપણી કરવા માટે વાદી પ્રતિવાદીને સ્થળ સ્થિતિ અંગે પુછતા સ્પષ્ટ કબજો બતાવી શકેલ ન હતા.'' તેમજ સદરહુ જવાબમાં તેઓશ્રીએ જણાવેલ છે કે, ''વિશેષમાં જણાવવાનુ કે અત્રેની કચેરીના રેકર્ડમાં સર્વે નં.૧૧/૧ માં હિસ્સા અંગેનુ રેકર્ડ ઉપલબ્ધ નથી, જેથી રેકર્ડ આધારીત સર્વે નં.૧૧/૧ પી ૩ ની હદની સ્પષ્ટતા થઈ શકે તેમ નથી. જેથી વાદી પ્રતિવાદી તેમજ પંચો દ્વારા બતાવવામાં આવેલ સ્થળ સ્થિતિ મુજબની માપણી કરી માપણી શીટ તથા પંચ રોજકામ નામદાર સાહેબને સાદર કરવામાં આવેલ છે.'' ઉપરોકત વિગતે ડી.આઈ.એલ.આર.શ્રી ગીર સોમનાથ દ્વારા સ્પષ્ટપણે હદ નિશાન અને કબજો નકકી થઈ શકે તેમ નથી તેવુ જણાવેલ હોવા છતા માત્રને માત્ર વાદી દ્વારા પોતાની અનુકુળતા મુજબનુ રોજકામ કરાવડાવી તેના આધારે પુરાવો ઉભો કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહેલ છે. ઉપરોકત વિગતે ડી.આઈ.એલ.આર.શ્રી ગીર સોમનાથ દ્વારા વારંવાર સ્થળ પર જઈ તે અંગેનો અહેવાલ નામદાર કોર્ટ સમક્ષ રજુ રાખવા છતા અને નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી મૌખિક તથા લેખિત સ્પષ્ટતાઓ કરવા છતા વાદી દ્વારા હાલનો દાવો લંબાવવાના હેતુથી તેમજ પોતાની અનુકુળતા મુજબનો પુરાવો ઉભો કરવાના હેતુથી આ પ્રકારની એકસરખી અરજીઓ વારંવાર નામદાર કોર્ટ સમક્ષ રજુ રાખી ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહેલ છે. જે વિગતે વાદીની હાલની અરજી ખર્ચ સહિત રદ ફરમાવવા તથા વાદીની આ પ્રકારની વર્તણુંકથી પ્રતિવાદીને ન્યાયિક પ્રક્રિયામાં થઈ રહેલ વિલંબ બદલ સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૫–અ અન્વયે ખાસ દાખલારૂપી ખર્ચ વાદી પાસેથી અપાવવા હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે પક્ષકારો તર્ફે તેમના વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તેમજ પક્ષકારો તર્ફે નામદાર ઉચ્ચ અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના રજુ રાખવામાં આવેલ ચુકાદાઓ માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

(૪) પક્ષકારોની દલીલો તથા કેસનું રેકર્ડ ધ્યાને લીધુ. સદરહુ કામે અગાઉ વાદી દ્રારા આંક–૬ થી રોજકામની અરજી આપવામા આવેલ હતી, તા.૨૮/૯/૨૧ ના રોજ જેમા ૨૯/૯/૨૧ ના હુકમ થયેલો, જે આંક–૯ થી રીપોર્ટ રફ સ્કેચ સહીત તા. ૪/૧૦/૨૧ થી રજુ છે. ત્યારબાદ વાદી દ્વારા આંક–૨૩ થી જીલ્લા લેન્ડ રેકર્ડ કચેરી મારફત જમીનની માપણી કરાવવા અરજી આપેલી, જે તા.૧૩/૬/૨૨ ના રોજ મંજુર કરવામાં આવેલી અને જેના આધારે ડી.એલ.આર. કચેરી દ્વારા આંક–૪૬ થી પંચ રોજકામ કરી તે અંગેનો રીપોર્ટ રજુ રાખવામાં આવેલો. ત્યારબાદ વાદી દ્વારા આંક–૪૮ થી વાદીની જમીન કયા સુધી આવેલ છે તે માટે ફેર માપણી કરવાની હાલની અરજી આપેલી તે અનુસંધાને ડી.એલ.આર. કચેરીના સર્વેયરને આંક–૫૦ થી નોટીસ કરતા તેઓએ પોતાનો જવાબ સામેલ રાખેલ છે. આ કામે વાદી દ્વારા કોર્ટ કમીશ્નર તરીકે નીમાયેલ ડીસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડના અધિકારીએ અત્રેની અદાલતના આંક–૨૩ ના હુકમ મુજબ વાદીની જમીન કયા સુધી આવેલ છે તે કબજા મુજબ કે ૭/૧૨ મુજબ બતાવેલ ન હોય થી તે અંગે અત્રેની અદાલતમાં સ્પષ્ટતા કરે તે બાબતે હુકમ કરવા બાબતે હાલની અરજી રજુ રાખવામાં આવેલ છે. આ સંદર્ભે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના વાદી દ્વારા પ્રથમ આંક–૨૩ થી ડી.આઈ.એલ.આર.શ્રી મારફત માપણી કરાવવા અંગેની અરજી રજુ રાખવામાં આવેલ હતી. જે અરજી અત્રેની અદાલત દ્વારા મંજુર કરવામાં આવતા ડી.આઈ.એલ.આર.શ્રી ગીર સોમનાથના નીમાયેલ કોર્ટ કમીશ્નર અને સર્વેયરશ્રી તા.૩૧/૦૭/૨૦૨૨ ના રોજ સ્થળ પર માપણી કરવા માટે ગયેલ હતા અને તે અંગેનુ રોજકામ તેમણે આંક–૩૫ ના રીપોર્ટ સાથે અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે. સદરહુ રોજકામમાં તેમણે એવી હકીકત જણાવેલ હતી કે, **માપણી સમયે વાદીશ્રી તથા પ્રતિવાદીશ્રી સ્પષ્ટ કબજો**

**બતાવી શકેલ નથી, જે વિગતે પક્ષકારોનો સ્પષ્ટ કબજો સ્થળ પર નકકી થતો નથી, જે વિગતે કબજા મુજબની માપણી થઈ શકે તેવી પરિસ્થિતિ નથી.** ત્યારબાદ વાદી દ્વારા આંક–૩૯ થી પોલીસ પ્રોટેકશન સાથે માપણી કરાવવાની અરજી ફરીથી દાખલ કરવામાં આવતા ડી.આઈ.એલ.આર.શ્રી દ્વારા ફરીથી તા.૨૯/૦૯/૨૦૨૩ ના રોજ સ્થળ પર જઈ આંક–૪૬ વાળુ પંચ રોજકામ કરી તેની સાથે માલજીંજવા ગામના રેવન્યુ રેકર્ડ સ.નં.૧૧/૧/પૈકી કબજા મુજબના ક્ષેત્રફળ વાળી હે.૨–૮૮–૨૧ ચો.મી. જમીનની માપણી શીટ રજુ રાખેલ છે. **વાદી તથા પ્રતિવાદીના ટીપ્પણ અલગ થયેલ ન હોય તે મુજબ માપણી થઈ શકે તેમ નથી.** ત્યારબાદ આ કામના વાદી દ્વારા તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ આંક–૪૮ થી ફેર માપણી કરવા અંગેની અરજી રજુ રાખેલ. જેના અનુસંધાને ડી.આઈ.એલ.આર.શ્રી ગીર સોમનાથને આંક–૫૦ થી નોટીસ કરવામાં આવતા તેઓશ્રી દ્વારા તેમનો લેખિત જવાબ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ છે. સદરહુ લેખિત જવાબમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, **''વાદગ્રસ્ત જગ્યાએ મુકામ કરેલ ત્યારબાદ માપણી કરવા માટે વાદી પ્રતિવાદીને સ્થળ સ્થિતિ અંગે પુછતા સ્પષ્ટ કબજો બતાવી શકેલ ન હતા.''** તેમજ વધુમાં જવાબમાં જણાવેલ છે કે, **''વિશેષમાં જણાવવાનુ કે અત્રેની કચેરીના રેકર્ડમાં સર્વે નં.૧૧/૧ માં હિસ્સા અંગેનુ રેકર્ડ ઉપલબ્ધ નથી, જેથી રેકર્ડ આધારીત સર્વે નં.૧૧/૧ પી ૩ ની હદની સ્પષ્ટતા થઈ શકે તેમ નથી. જેથી વાદી પ્રતિવાદી તેમજ પંચો દ્વારા બતાવવામાં આવેલ સ્થળ સ્થિતિ મુજબની માપણી કરી માપણી શીટ તથા પંચ રોજકામ નામદાર સાહેબને સાદર કરવામાં આવેલ છે.''** વધુમાં આ કામે પ્રતિવાદીઓ દ્વારા જે વાંધા લેવાયેલ છે તેમજ તેઓ દ્વારા જે ચુકાદાઓ સામેલ રાખવામાં આવેલ છે તે જોતા ફરીથી માપણી કરી તે અંગેની સ્પષ્ટતા કરવા માટે એટલે કે સદરહુ કામે પુરાવો એકત્ર કરવા માટે આવી અરજી મંજુર કરી શકાય નહી, જે દલીલો સાથે આ કોર્ટ સહમત છે. વધુમાં આ કામે અગાઉ કોર્ટ કમીશ્નર દ્વારા રોજકામ, ડી.એલ.આર. કચેરી દ્વારા માપણી કરવામાં આવેલી છે ત્યારબાદ સદરહુ દાવાના કામે ફરીથી એવી કોઈ સ્થિતિનુ નિર્માણ થયેલ નથી કે ફરીથી માપણી માટેનો આ પ્રકારનો હુકમ કરી શકાય. વધુમા નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા **B. S. Lalitha & Others v. Bhuvnesh & Ors. 2026 INSC 499** નો ચુકાદો

વંચાણે લેવો જરૂરી છે. જેમા નીચે મુજબ ઠરાવેલ છે.

31. Order VII Rule 11(d) of the CPC provides that the plaint shall be rejected where the suit appears from the statement in the plaint to be barred by any law. The provision is designed to weed out, at the threshold, suits which are ex facie unsustainable. The scope of inquiry under this provision is, however, circumscribed. In Saleem Bhai and Others v. State of Maharashtra and Others8, this Court in Para 9 held that for deciding an application under Order VII Rule 11, only the averments in the plaint are relevant and the Court cannot look into the written statement or any other external material.

34. The principle of res judicata is codified in Section 11 of the CPC. It is convenient, at this stage, to reproduce the provision:
"11. Res judicata.—No Court shall try any suit or issue in which the matter directly and substantially in issue has been directly and substantially in issue in a former suit between the same parties, or between parties under whom they or any of them claim, litigating under the same title, in a Court competent to try such subsequent suit or the suit in which such issue has been subsequently raised, and has been heard and finally decided by such Court.
Explanation I.—The expression 'former suit' shall denote a suit which has been decided prior to a suit in question whether or not it was instituted prior thereto.
Explanation II.—For the purposes of this section, the competence of a Court shall be determined irrespective of any provisions as to a right of appeal from the decision of such Court.
Explanation III.—The matter above referred to must in the former suit have been alleged by one party and either denied or admitted, expressly or impliedly, by the other. Explanation IV.—Any matter which might and ought to have been made ground of defence or attack in such former suit shall be deemed to have been a matter directly and substantially in issue in such suit.
Explanation V.—Any relief claimed in the plaint, which is not expressly granted by the decree, shall for the purposes of this section, be deemed to have been refused.
Explanation VI.—Where persons litigate bona fide in respect of a public right or of a private right claimed in common for themselves and others, all persons interested in such right shall, for the purposes of this section, be deemed to claim under the persons so litigating."

35. The provision embodies a rule of conclusiveness that is founded in considerations of public policy. It rests upon the salutary doctrine that there must be a finality to litigation, and that a party which has once succeeded or failed on an issue should not be permitted to re-agitate the same at a subsequent stage. The principle applies not only between two separate suits but also between two stages of the same litigation what is referred to as 'interlocutory res judicata.' In Satyadhyan Ghosal (supra), a three-Judge Bench of this Court in Para 8 held:
"The principle of res judicata applies also as between two stages in the same litigation to this extent that a court, whether a trial court or a higher court having at an earlier stage decided a matter in one way will not allow the parties to re-agitate the matter again at a subsequent stage of the same proceedings."

36. The issue that was raised in I.A. No. IV, whether the plaint in O.S. No. 5352/2007 is liable to rejected on the ground that the suit is barred by Section 6(5) of the Act is the same issue that was raised in I.A. No. 2, heard, and decided by of 2009. The 2013 order held, in terms, that the plaint cannot be rejected at the threshold; that even

assuming there is a partition and even assuming the daughters will not get a coparcenary share, the father having died intestate, the daughters have a right in the father's share; and that whether the plaintiffs would ultimately succeed is not a ground for rejection under Order VII Rule 11(d). That order became final. No materially different ground is raised in the second application.

37. The High Court, in the impugned order, sought to avoid the application of res judicata on the ground that the first application was filed by Defendant Nos. 1 to 3, whereas the second was filed by the legal representatives of Defendant No. 4. This reasoning does not commend itself to us. All defendants are sons (or their legal representatives) of the same propositus. They share a common interest: they defend the same Partition Deed, resist the same suit for partition, and assert the same plea that the daughters have no right to the suit properties. They litigate under the same title within the meaning of Explanation VI to Section 11 of the CPC, as reproduced above.

38. In Singhai Lal Chand Jain v. Rashtriya Swayamsewak Sangh, Panna and Others9, this Court clarified that if litigation was conducted bona fide to protect a common interest, the decision operates as res judicata against all persons interested in that right. In the present case, the defendants collectively resisted the suit and participated in the first Order VII Rule 11 proceedings. The legal representatives of Defendant No. 4 cannot be heard to say that the 2013 order does not bind them merely because 9 (1996) 3 SCC 149 their predecessor did not file the application that gave rise to that order. The interest asserted is indivisible; the parties litigate under the same title.

39. We may further observe that Explanation IV to Section 11 of the CPC provides that "any matter which might and ought to have been made ground of defence or attack in such former suit shall be deemed to have been a matter directly and substantially in issue in such suit." The respondents' submission that the two applications were filed under different sub- clauses of Order VII Rule 11, the first under clause (d) alone and the second under clauses (a), (b) and (d) is of no consequence. The ground that the plaint does not disclose a cause of action [clause (a)] or is defective [clause (b)] could have been, and indeed ought to have been, raised in the first application. The mere invocation of additional sub-clauses in the second application does not take the matter outside the scope of res judicata. The substance of the issue, whether the plaint should be rejected on the ground that the suit is barred by Section 6(5) of the H.S. Act, remains the same. A party cannot circumvent the finality of an adverse order by re-framing the same challenge under a different procedural provision.

આમ, ઉપરોકત નામ. સુપ્રિમ કોર્ટ નો ચુકાદો વંચાણે લેતા એક જ દાવામા કોઈ એક અરજી ડીસાઈડ થઈ ગયેલ હોય ત્યારે ફરીથી સંજોગો ન બદલાયા હોય તો ફરીથી તે જ પ્રકારની અરજી મંજુર કરી શકાય નહી. આમ, ઉપરોકત તમામ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા હાલના કામે ડી.આઈ.એલ.આર.શ્રી ગીર સોમનાથ દ્વારા વારંવાર સ્થળ પર જઈ તે અંગેનો અહેવાલ અત્રેની અદાલત સમક્ષ રજુ રાખવા છતા અને અત્રેની અદાલત સમક્ષ હાજર રહી મૌખિક તથા લેખિત સ્પષ્ટતાઓ કરવા

છતા વાદી દ્વારા પુરાવો ઉભા કરવાના હેતુથી એકસરખી અરજીઓ વારંવાર અત્રેની અદાલત સમક્ષ રજુ રાખવામાં આવતી હોય, જેથી વાદીની સદર અરજી મંજુર કરવા પાત્ર જણાતી ન હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

***–હુકમ–***

વાદીની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: **૧૧ માહે–ઓગષ્ટ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: તાલાલા.
તારીખ: ૧૧–૦૮–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
પ્રિન્સીપાલ સિવિલ જજ
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.